Wednesday
26.10.2022
*Volume :7 * Issue No.85
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# બ્રિટનમાં પ્રથમ વખત હિન્દુ પીએમ બિનહરીફ પસંદ થયા!

## રિશિ સુનક ભારત-બ્રિટનના દ્વિપક્ષીય સંબંધો વધારે મજબૂત બનાવશે


લંડન,તા.૨૫

કોણ છે ભારતીય મૂળના ઋષિ સુનક? ઋષિ સુનકના માતા-પિતા ભારતીય મૂળના છે. પરંતુ તેમનો જન્મ ૧૨ મે ૧૯૮૦ના ઈંગ્લેન્ડના સાઉથમ્પેટનમાં થયો હતો. ઋષિ સુનકનું ભારતીય કનેક્શન કંઈક આ રીતે છે. તેમના દાદા-દાદી ભારતથી આફ્રિકા જઈને વસી ગયા હતા. ત્યારબાદ તેમના પિતા આફ્રિકાથી બ્રિટન પહોંચી ગયા હતા. સુનકના નાના પંજાબથી તાંઝાનિયા શિફ્ટ થઈ ગયા હતા. ત્યારબાદ તેમના માતાનો પરિવાર તાંઝાનિયાથી બ્રિટન જઈને રહેવા લાગ્યો હતો. બ્રિટનમાં તેમના માતા-પિતાના લગ્નથયાહતા. ઋષિ સુનકનીઉંમર



૪૨ વર્ષની છે અને તેમણે જાણીતા ઉદ્યોગપતિ નારાયણ મૂર્તિની પુત્રી અક્ષતા સાથે લગ્ન કર્યા છે. ઋષિ અને અક્ષતાને બે દિકરીઓ કૃષ્ણા અને અનુષ્કા છે. સુનકે બ્રિટનની વિંચેસ્ટર કોલેજથી પોલિટિકલ સાયન્સમાં ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ તેમણે ઓક્સફોર્ડ યુનિવર્સિટીની લિંકન કોલેજમાંથી ફિલોસોફી અને ઈકોનોમિક્સનો અભ્યાસ કર્યોહતો. તેઓ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી એમબીએ કરી ચુક્યા છે. ગ્રેજ્યુએશન બાદ તેમણે કેટલોક સમય ઈન્વેસ્ટમેન ફર્મ ગોલ્ડમેન સેક્શનો સાથે કામ કર્યુંહતું. તેમની પાસેઈનવેસ્ટમેન્ટ ફર્મ, એનાલિસ્ટ, ગોલ્ડમેનસેક્શનો પણ અનુભવ છે. તેમની સંપત્તિ ૭૩૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. તો તેમની પત્ની અક્ષતા તો તેનાથી વધારે ધનવાન છે. અને જો ઋષિ સુનકનું રાજકીય કરિયર વિષે જાણીએ તો વર્ષ ૨૦૧૫માં પ્રથમ વખત સાંસદ બન્યા અને વર્ષ ૨૦૧૭માં બીજી વખત સાંસદ બન્યા, વર્ષ ૨૦૧૮માં મંત્રી (થેરેસા સરકાર) થયા, વર્ષ ૨૦૧૯માં ત્રીજી વખત સાંસદ બન્યા અને વર્ષ ૨૦૧૯માં નાણા મંત્રી (જહોનસન સરકાર) થયા. અને બ્રિટનમાં ચાલી રહેલા રાજકીય સંકટ વચ્ચે ભારતીય મૂળના ઋષિ સુનક હવે પ્રધાનમંત્રી બનવાના છે. લિઝ ટ્રસના રાજીનામા બાદ હવે બ્રિટનની કમાન ભારતીય મૂળના વ્યક્તિના હાથમાં આવી છે. સુનક ૨૮ ઓક્ટોબરે પ્રધાનમંત્રી પદે શપથ ગ્રહણકરવાના છે. પૂર્વ પ્રધાનમંત્રી બોરિસ જોનસન પણ રેસમાં હતા પરંતુ તે પાછળ હટી જતા સુનકના હાથમાંબ્રિટનનીકમાન હશે. થોડા દિવસ પહેલા ધ ગાર્ડિયને પોતાના એક રિપોર્ટમાં કહ્યું હતું કે બ્રિટનની મોટા ભાગની જનતા અને કંઝર્વેટિવ પાર્ટીનાઘણા સાંસદોનું તે માનવું હતું કે સપ્ટેમ્બરમાં જ સુનકને પ્રધાનમંત્રી બનાવી દેવાના હતા. લિઝ ટ્રસને ખુરશી સોંપવાનો નિર્ણય ખોટો સાબિત થયો. ઋષિ સુનકે ડિબેટમાં કહ્યું હતું કે લિઝ ટ્રસ જે રીતે ટેકસ કાપના ચૂંટણી વાયદાઓ આપી રહ્યાં છે તે બ્રિટનની અર્થવ્યવસ્થા માટે ઘાતક સાબિત થશે.




# ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આજેએકતા માનવ સાંકળ યોજાઈ: ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા

## સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી, ૩૧ ઓક્ટોબર-રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના અનુસંધાને તા. ૨૫ થી ૩૧ ઓક્ટોબર દરમિયાન ગાંધીનગર શહેર અને જિલ્લામાં 'એકતા ઉત્સવ' ઉજવાશે









કમલમ્ ન્યુઝ,

સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી; ૩૧મી ઓક્ટોબર ભારતભરમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવાય છે. એકતા દિવસની ઉજવણીના અનુસંધાને સમગ્ર દેશમાં ઓક્ટોબર માસનું અંતિમ અઠવાડિયું 'એક્તા ઉત્સવ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. એકતા ઉત્સવના આરંભે; પ્રથમ દિવસે સમગ્ર દેશની સાથોસાથ ગાંધીનગર શહેર અને જિલ્લામાં માનવ સાંકળ રચીને એકતાનો સંદેશો ગામેગામ જનજન સુધી પહોંચાડવામાં આવ્યો હતો. ગાંધીનગર જિલ્લાના સઈજ, રામનગર, દહેગામ, જીંડવા, વાસણા ચૌધરી, કનીપુર, ધાણજ, ઉસ્માનાબાદ, રાંચરડા, શેરીસા, નારદીપુર વગેરે ગામોમાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક માનવ સાંકળ રચીને એકતાનો સંદેશો પ્રસરાવ્યો હતો. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તલાટી, બીઆરસી, સી.આર.સી, આંગણવાડી કાર્યકરો અને આરોગ્યકર્મીઓ પણ ગ્રામજનો સાથે એકતા ચેનમાં જોડાયા હતા.

તારીખ ૨૫ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન સમગ્ર દેશનીસાથોસાથ ગાંધીનગરશહેર અને જિલ્લામાં ઉજવાઈ રહેલા એકતા ઉત્સવ અંતર્ગત ૨૭ મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલનાજીવન ક્વન પર આધારિત નુક્કડ નાટકોનું આયોજન કરાશે. ૨૮મી ઓક્ટોબરે યુનિટી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

જ્યારે ૨૯ મી ઓક્ટોબરે યુનિટી બાઈક રેલી યોજાશે. ગાંધીનગર શહેર અને જિલ્લાના યુવાનોને બાઈક રેલીમાં જોડાવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ૩૧મી ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંતર્ગત એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર શ્રી ભરતભાઈ જોશીએ ગઈકાલે જિલ્લાના અધિકારીઓ સાથે એક્તા ઉત્સવના આયોજન સંદર્ભે યોજાનારા વિવિધ કાર્યક્રમોની વિસ્તૃત સમીક્ષા કરી હતી. દિવાળીના તહેવારોની સાથોસાથ રાષ્ટ્રીય એકતાનો આ ઉત્સવ ઉજવવા સૌ નાગરિકો ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી......

ઘર આંગણે જ લોકોને આરોગ્યલક્ષી સુવિધા મળે તે માટે રાજ્ય સરકાર સુસજ્જ છે. રાજ્યના દરેક ગરીબ અને જરૂરીયાતમંદ કુટુંબને નિયત માપદંડો પ્રમાણે કેન્સર, હૃદયરોગ, કિડનીને લગતા ગંભીર રોગો, બાળ રોગો, ડાયાલિસીસ, આરોગ્ય વિષયક સેવાઓ દરદીઓને સરળતાથી સત્વરે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ત્યારે બોટાદ જિલ્લાના વતની અને પ્રધાનમંત્રી જન આરોગ્ય- આયુષ્યમાન યોજનાના (PMJAY-MA) લાભાર્થી સુશ્રી ઉર્વશીબેન રવૈયાએ પોતાનો પ્રતિભાવ આપતાં કહ્યું કે, મારા પરિવારની સ્થિતિ ખુબ સામાન્ય છે. મને સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજના PMJAY નો લાભ મળ્યો છે જેનાથી હું ખૂબ જ ખુશ છું. આ યોજના થકી હું નિઃશુલ્ક સારવાર મેળવી શકીશ. સરકારની આયુષ્યમાન યોજના ખુબ ઉપયોગી છે, છેવાડાના માણસ સુધી સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય- આયુષ્યમાન યોજના પહોંચી છે. અમારા જેવા સામાન્ય લોકોને સરકાર ઘર આંગણે જ લાભ આપી રહી હોવાથી હું દેશના પ્રધાનમંત્રી અને રાજ્યના મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

# વિશ્વાસથી વિકાસ યાત્રામાં પાલનપુર ખાતે સાંસદશ્રી પરબતભાઈ પટેલના હસ્તે રૂ. ૭૧.૯ કરોડના ૫૧૨ વિકાસ કામોનું ઈ-ખાતમૂર્હત અને ઈ-લોકાર્પણ કરાયું

### બનાસકાંઠા સાંસદશ્રી પરબતભાઈ પટેલની લોકસભાની જળ સંસાધન સમિતિના ચેરમેન તરીકે નિમણુંક થતાં સરપંચશ્રીઓ દ્વારા સન્માન કરાયું



કમલમ્ ન્યુઝ,પાલનપુર

વિશ્વાસથી વિકાસ યાત્રાની ઉજવણી અંતર્ગત પાલનપુર ટાઉનહોલ ખાતે લોકસભાના સાંસદશ્રી પરબતભાઈ પટેલના હસ્તે રૂ. ૭૧.૯ કરોડના ૫૧૨ વિકાસ કામોનું ઈ-ખાતમૂર્હત અને ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં માર્ગ અને મકાન વિભાગના ૨૦ કામો, ગ્રામ વિકાસ વિભાગના ૧૪૦ કામો, સામાન્ય વહીવટ વિભાગના ૧૭૧ કામો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ૩ કામો, પંચાયત વિભાગના ૧૭૮ કામોનો સમાવેશ થાય છે. બનાસકાંઠા સાંસદશ્રી પરબતભાઈ પટેલની લોકસભાની જળ સંસાધન સમિતિના ચેરમેન તરીકે નિમણુંક થતાં આ કાર્યક્રમમાં સરપંચશ્રીઓ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે, છેલ્લા ૨૦ વર્ષમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં થયેલા વિકાસની વાત પ્રજા સમક્ષ મુકવા માટે વિશ્વાસથી વિકાસ યાત્રાનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમની ઉજવણી અંતર્ગત આજે સમગ્ર રાજ્યમાં કરોડોના રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમૂર્હત થયું છે. તેમણે કહ્યું કે, બે દિવસ અગાઉ પ્રધાનમંત્રીશ્રીના હસ્તે વર્ચ્યુઅલી ડીસા નજીક નાંણી ખાતે રૂ. ૧૦૦૦ કરોડના ખર્ચથી નિર્માણ પામનાર એરફિલ્ડનું ખાતમૂર્હત કરાયું છે. જેનાથી દેશની સુરક્ષા મજબુત બનશે અને બનાસકાંઠા જિલ્લાની વિકાસયાત્રાને વેગ મળશે. સાંસદશ્રીએ કહ્યું કે, યાત્રાધામ અંબાજીને ટુરીઝમ પ્લેસ તરીકે વિકસાવવા સરકારે અભિયાન આદર્યુ છે. અંબાજી ખાતે કરોડો રૂપિયાના વિકાસ કામોનું વડાપ્રધાનશ્રીના હસ્તે ખાતમૂર્હત અને ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, ભૂતકાળમાં શહેરોમાં પણ વીજળી, પાણી, સારા રસ્તાઓ અને માળખાકીય સુવિધાઓના ફાંફા હતા, આજે અંતરીયાળ ગામડાઓ સહિત સમગ્ર રાજયમાં ૨૪ કલાક વીજળી, પીવાના અને સિંચાઈના પાણીની સુવિધા, પાકા રસ્તાઓ, ઠેર ઠેર શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે પરિણામે શિક્ષિત અને સમૃધ્ધ સમાજનું નિર્માણ થઈ રહ્યું છે. સાંસદશ્રીએ કહ્યું કે, જરા ભૂતકાળને યાદ કરો, પીવાના પાણી માટે લોકો ટળવળતા હતા આજે ઘેર ઘેર નળ કનેક્શન આપીને પાણીની સમસ્યાઓમાંથી છુટકારો મળ્યો છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાથી ગામડાઓને પાકા રસ્તાઓથી જોડવામાં આવ્યાં છે. બાળકોને ભણવા માટે શિક્ષણ મેળવવાની વ્યવસ્થા નહોતી, આજે તમામ તાલુકાઓમાં સરકારી શાળાઓ અને આઈ.ટી.આઈ., કોલેજો સહિત ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરી છે. સ્વચ્છતા અને આરોગ્ય ક્ષેત્રમાં અદભૂત કામ થયું છે. આયુષ્યમાન ભારત યોજનામાં રૂ. ૫ લાખ સુધીની કેશલેસ સારવાર આપવામાં આવે છે. અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વ પટ્ટીમાં વસતા આદિવાસીઓના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અમલી બનાવી આદિજાતિઓનો સર્વાંગી વિકાસ કર્યો છે. તેમણે ઉમેર્યુ કે, દેશના ૧૧ કરોડ ગરીબ પરિવારોને ગેસ કનેક્શન આપીને બહેનોને ધુમાડામાંથી મુક્તિ અપાવી છે. સાંસદશ્રીએ કહ્યું કે, દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૩૧ ઓકટોબરના રોજ બનાસની ધરતી થરાદ ખાતે પધારી રહ્યાં છે એ કાર્યક્રમમાં પધારવા આપ સૌને આમત્રંણ પાઠવું છું. આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદશ્રી દિનેશભાઈ અનાવડીયાએ જણાવ્યું કે, ગુજરાતની પ્રજાએ છેલ્લા ૨૭ વર્ષથી અમારી સરકાર પર વિશ્વાસ મૂક્યો છે અને એના લીધે જે વિકાસ થયો છે એ વિકાસની વાત જન જન સુધી પહોંચાડવા વિશ્વાસથી વિકાસ યાત્રા યોજાઈ રહી છે. તેમણે કહ્યું કે, વર્ષ-૨૦૦૧માં જ્યારથી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું છે ત્યારથી રાજ્યનો તમામ ક્ષેત્રોમાં અજોડ વિકાસ થયો છે. સાંસદશ્રીએ ભૂતકાળની સરકારો પર આકારા પ્રહાર કરતા જણાવ્યું કે, ભૂતકાળના ૫૦ વર્ષ સુધી દેશનો જેટલો વિકાસ નથી થયો એટલો વિકાસ છેલ્લા ૮ વર્ષમાં આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં થયો છે. તેમણે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ વડાપ્રધાન બન્યા ત્યારે આ દેશમાં ૧૮,૦૦૦ એવા ગામડાઓ હતા કે, જેમાં વીજળીનો વાયર પહોંચ્યો નહોતો, તે તમામ ગામોમાં આજે વીજળી પહોંચાડી છે. આ સરકારે એક એક ગરીબ વ્યક્તિ સુધી પહોંચવાનો પ્રયત્ન કરીને સરકારના લાભો છેવાડાના માનવી સુધી કઈ રીતે પહોંચે તેની ચિંતા કરી છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ એક બટન દબાવીને ૧૬,૦૦૦ કરોડ રૂપિયા દેશના ખેડુતોના ખાતામાં સીધા જમા કરાવ્યા છે. તેમણે જણાવ્યુ કે, આપણા ગુજરાતનો જે વિકાસ થયો છે એનાથી વધુ વિકાસ થાય અને આપણો દેશ સમગ્ર વિશ્વમાં વિકસિત રાષ્ટ્ર બને એના માટે આપણે બધા સંકલ્પબધ્ધ બનીએ. આ કાર્યક્રમમાં પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઈ ચૌધરી, પૂર્વ મંત્રીશ્રીઓ કેશાજી ચૌહાણ અને શ્રી હરજીવનભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી કિરણબેન રાવલ, પૂર્વ ધારાસભ્યશ્રી વસંતભાઈ ભટોળ, અગ્રણીઓ સર્વશ્રી યશવંતભાઈ બચાણી, શ્રી સુરેશભાઈ શાહ, શ્રી દિનેશભાઈ દવે, શ્રી ગિરીશભાઈ જણાણીયા, શ્રી માધુભાઈ રાણા, મોતીભાઈ પાળજા, શ્રી દિનેશભાઈ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી આર.આઈ.શેખ સહિત અધિકારીઓ- પદાધિકારીઓ, સરપંચશ્રીઓ અને સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# મહુવા તાલુકાની ગળથર સરકારી હાઈસ્કુલ ખાતે મતદાન જાગૃતિ અંતર્ગત રંગોળી અને ચિત્ર સ્પર્ધા યોજાઈ

### બંને સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા















કમલમ્ ન્યુઝ,

ભાવનગર જિલ્લાની મહુવા તાલુકાની ગળતર સરકારી હાઈસ્કુલ ખાતે મતદાન જાગૃતિ અંતર્ગત રંગોળી અને ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં આગામી દિવસોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે મહુવા તાલુકાની ગળતર સરકારી હાઈસ્કૂલ ખાતે તા. ૧૯ ને બુધવારના રોજ મતદાર જાગૃતિ અંતર્ગત રંગોળી તેમજ ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળામાંથી ૧૧૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. રંગોળી સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનારને તેમજ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ આવનાર વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો આપી અને નવાજવામાં આવ્યા હતા આ તકે શાળાના આચાર્યશ્રી શનિભાઈ ટાટમિયા તથા સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# સાયકલની ચાવીથી વિદ્યાર્થીનીઓ ખોલી રહી છે ખુશીઓનાં દ્વાર

### શાળાથી મારું ઘર પાંચ કીમી દુર છે પણ હવે સાયકલ મળવાને કારણે હું સમયસર શાળાએ પહોંચી શકીશ, આ બદલ સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર : વિદ્યાર્થીની

કમલમ્ ન્યુઝ,

"શાળાથી મારું ઘર પાંચ કીમી દુર છે, જેથી મારે શાળાએ પહોંચવામાં ખૂબ તકલીફો થતી, ઘણીવાર ઓટોરિક્ષા ન મળવાને કારણે ચાલીને આવવું પડતું જેથી હું શાળાએ સમયસર પહોંચી ન શકતી પરંતુ હવે સરસ્વતી સાધના યોજના હેઠળ મને સરકારશ્રી તરફથી સાયકલ મળવાને કારણે હું સમયસર શાળાએ પહોંચી શકીશ, અને મારા અભ્યાસનો સમય પણ નહિં બગડે આ બદલ હું સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું, આ સાયકલ મળવાથી હું ખૂબ ખુશ છું." આ આનંદ, ઉમંગ અને ઉત્સાહથી છલકાતાં શબ્દો છે બોટાદની ધોરણ-૯ની વિદ્યાર્થીની નિરાલી મારુનાં. તાજેતરમાં જ સરકારશ્રી દ્વારા સરસ્વતી સાધના યોજના અન્વયે ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવી છે, ત્યારે સાયકલ મળવાની સાથે અનેક તકલીફોથી મુકિત મેળવનારી વિદ્યાર્થીનીઓએ સરકારશ્રીનો હર્ષ સાથે આભાર વ્યક્ત કર્યો હતો. મહત્વનું છે કે, માધ્યમિક શાળાઓમાં પ્રવેશ માટે દીકરીઓને પ્રોત્સાહન આપવા માટે અને શૈક્ષણિક સુધાર લાવવા માટે ગુજરાત સરકારશ્રી દ્વારા આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ પ્રકારની અનેકવિધ લોકકલ્યાણકારી યોજનાઓને કારણે આજે ગુજરાતમાં વસતાં પ્રત્યેક નાગરિક ઉન્નત મસ્તક સાથે જીવન જીવી રહ્યાં છે.

સરકારશ્રી દ્વારા જરૂરિયાતમંદ પરિવારોની સતત દરકાર કરવામાં આવી રહી છે. શાળાઓ જો ઘરથી દૂર હોય તો વાહન વ્યવહારની સુવિધાના અભાવે દીકરીઓનાં શિક્ષણ પર તેની અસર ન થાય તેમજ ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે માટે આ સાયકલ સહાય યોજના અંતર્ગત શાળામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી દીકરીઓને મફત સાઈકલ આપવામાં આવી રહી છે, જેથી દીકરીઓ સમયસર શાળાએ આવી શકે અને પોતાના અભ્યાસ પર પૂરતું ધ્યાન આપી શકે. આજે સરકારશ્રી દ્વારા દીકરીઓનાં પોષણ, શિક્ષણ તેમજ રક્ષણ માટે યોજનાઓની ભરમાર છે ત્યારે "શિક્ષિત દીકરી વિકસિત સમાજ"ની વિભાવનાને સાર્થક કરવા સરકારશ્રી દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનિય છે કે, બોટાદની એલ.જે.શાહ ગર્લ્સ હાઈસ્કૂલની ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૯૬ વિદ્યાર્થીનીઓને આ વર્ષે સરસ્વતી સાધન સહાય યોજના અંતર્ગત સાયકલ મળી છે. આ યોજના થકી સાયકલ મેળવી આનંદિત થતી બોટાદની એલ.જે.શાહ ગર્લ્સ હાઈસ્કૂલની ધોરણ-૯ની વિદ્યાર્થીની નિરાલીએ ઉમેર્યુ હતું કે, "આ સાયકલ મળવાને કારણે મારી મુશ્કેલીઓ તો દૂર થશે જ સાથોસાથ મારી નાની બહેન પણ તેનો ઉપયોગ કરી શકશે. મારી શાળામાં મારી સાથે અન્ય ૧૯૬ વિદ્યાર્થીઓને આ સાયકલ યોજનાનો લાભ મળ્યો છે, અને અમારી શાળામાં દર વર્ષે ધોરણ-૯માં અભ્યાસ કરતી બહેનોને આ લાભ મળે છે. મને સાયકલ આપવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર." સરકારશ્રી દ્વારા અપાયેલી આ સાયકલની ચાવીથી વિદ્યાર્થીનીઓ હવે પોતાની ખુશીઓનાં દ્વાર ખોલી રહી છે.

# બોટાદ જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાન

### હડદડ ગામમાં "મતનું મૂલ્ય" વિષય પર રંગોળી સ્પર્ધાનું આયોજન




શ્રેષ્ઠ રંગોળી દોરનાર ત્રણ વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,બોટાદ

આગામી વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને બોટાદ જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સ્વીપ પ્રવૃત્તિ અન્વયે જાગૃતિ કાર્યક્રમો દ્વારા મતદારોને મતદાન, મતદાનનું મહત્વ અને મતદાન પ્રક્રિયા અંગે માહિતી આપવામાં આવી રહી છે. ત્યારે બોટાદની સરકારી માધ્યમિક શાળા-હડદડ ખાતે દ્વારા "મતનું મૂલ્ય" વિષય પર રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા રંગબેરંગી રંગોળીઓ દોરવામાં આવી હતી અને મતદાન અંગે લોકોને જાગૃત કરાયા હતા. રંગોળી સ્પર્ધામાં શ્રેષ્ઠ રંગોળી દોરનાર ત્રણ વિદ્યાર્થિનીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

# બોટાદના બરવાળામાં ૮.૮૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલી ગવર્મેન્ટ આર્ટસ અને કોર્મસ કોલેજનું ઈ લોકાર્પણ

### સરકારશ્રી દ્વારા શહેરી સાથોસાથ ગ્રામ્ય જીવનને ધબકતું કરવા માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છેઃ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ વિરાણી





કમલમ્ ન્યુઝ,બોટાદ

સરકારશ્રીના ૨૦ વર્ષના વિશ્વાસ દ્વારા થયેલા વિકાસની ઉજવણીના ભાગરૂપે બોટાદમાં વિશ્વાસથી વિકાસ યાત્રા-૨ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ વિરાણીના વરદહસ્તે રૂ. ૮.૯૯ કરોડના ખર્ચે ૧૦ પ્રોજેક્ટનું ઈ ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે બોટાદ જિલ્લાના બરવાળામાં ૮.૮૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલી ગવર્મેન્ટ આર્ટસ અને કોર્મસ કોલેજનું ઈ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ વિરાણીએ જણાવ્યું હતું કે, સરકારશ્રી દ્વારા શહેરી સાથોસાથ ગ્રામ્ય જીવનને ધબકતું કરવા માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલી કેડીને અનુસરીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર વિવિધ યોજનાઓ અંતર્ગત જરૂરિયાતમંદોને લાભાન્વિત કરી વિકાસના શિખરો સર કરી રહી છે. ખેડૂતોના પાક રક્ષણ માટે સરકારશ્રીની યોજનાઓ ખેડૂતોને ઉન્નત કરી રહી છે. તથા સૌની યોજનાથી આપણાં જિલ્લાનો પાણીનો પ્રશ્ન દૂર થયો છે. "વિશ્વાસથી વિકાસ યાત્રા-૨" કાર્યક્રમ અંતર્ગત રળીયાણા ગામમાં ગભાભાઈ ભીખાભાઈ જોગહવાના ઘરથી બાબુભાઈ અમરશીભાઈ ડોબરીયાના ઘર સુધી ૨ લાખના ખર્ચે પેવર બ્લોકના કામનું ઈ ખાતમુહૂર્ત, ગઢાળી પશ્ચિમમાં સ્વામિનારાયણ મંદિરથી નંદાલાલની દુકાન સુધી ૧.૫૦ લાખના ખર્ચે પેવર બ્લોકના કામનું ખાતમુહૂર્ત, ગઢાળી પુર્વમાં અરવિંદસિંહના ઘરથી હિંમતભાઈ પટેલના ઘર સુધી ૧.૫૦ લાખના ખર્ચે પેવર બ્લોકના કામનું ઈ ખાતમુહૂર્ત, હામાપરમાં પ્રાથમિક શાળામાં ૩ લાખના ખર્ચે પેવર બ્લોકના કામનું ઈ ખાતમુહૂર્ત, ઈશ્વરીયા ગામમાં ગોવિંદભાઈ દેવાભાઈના ઘરથી ભૂપતભાઈ વિઠ્ઠલભાઈના ઘર સુધી ૧.૫૦ લાખના ખર્ચે પેવર બ્લોકના કામનું ઈ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સાથે જ ગઢડાના જનડા ગામમાં જીવરાજભાઈ વિઠ્ઠલભાઈના ચતુરભાઈ ખીમાભાઈના ઘર પાસે ૩ લાખના ખર્ચે પેવરબ્લોકના કામનું ઈ ખાતમુહૂર્ત, પીપળ- તત્તાણા ગામમાં મનજીભાઈના ઘરથી પૂંજાભાઈના ઘર સુધી ૩ લાખના ખર્ચે પેવરબ્લોકના કામનું ઈ ખાતમુહૂર્ત, હડદડ ગામના યોગીનગર વિસ્તારમાં એક લાખના ખર્ચે ગટરની કામગીરી, ચકમપર ગામમાં જગદીશભાઈ ઘરથી મેઘજીભાઈના ઘર સુધી ૩ લાખના ખર્ચે પેવર બ્લોકના કામનું ઈ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે બોટાદ ખાતેના કાર્યક્રમમાં રાજ્યકક્ષાના કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું.

બોટાદના ટાઉનહોલમાં યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી બી.એ.શાહ, પ્રાંત અધિકારીશ્રી દિપકભાઈ સતાણી સહિતના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતા.

